eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 255
January 14, 2010

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૬/૦૧/૨૦૧૧ ના રોજ અઠવા ઝોન અને સેન્ટ્રલ ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૭/૧/૨૦૧૧, શુક્રવારના રોજ લિંબાયત ઝોન વિસ્તારમાં કુલ રૂા.૨૫૨૩.૩૫ લાખના ખર્ચે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## આગામી પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

આગામી પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરી રાજય કક્ષાની ઉજવણી સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી વિવિધ આરોગ્ય સેવાઓથી નાગરીકો માહિતગાર થાય અને નિષ્ણાત તબીબો મારફતે સ્થળ પર તપાસ, નિદાન, સારવાર અને જરૂર જણાયે રેફરેલ સેવાઓ પુરી પાડવાના આશયથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન ૩૯૭૯ ઈન્ડોર તથા ૪૦૮૮૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૨૨૮ તથા ૬૦૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રજાસત્તાક દિન ઉજવણી અંતર્ગત સ્વચ્છતાલક્ષી સ્પર્ધાઓ અને ઈ–વેસ્ટ કલેકશનનું આયોજન

આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. (ગેપીલ) ના સંયુકત ઉપક્રમે તા. ૨૧ થી તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબ ની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના ડોકટરો, આર્કીટેક, વકીલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે જેવા વ્યવસાયીઓની "સીટી રન"–દોડનું આયોજન



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ"માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણીના ભાગ રૂપે આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૧૧ રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત ડુમસ ગૌરવપથ ઉપર SVNIT કોલેજના ગેટ ઉપરથી "સ્વર્ણિમ સુરત સીટી રન–૨૦૧૧" નું આયોજન સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૭/૧/૨૦૧૧ થી તા.૨૬/૧/૨૦૧૧ દરમ્યાન મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તથા ગુજરાત રાજયના મા.મંત્રીશ્રીઓ ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ લોકાર્પણવિધિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમની વિગત

સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત તેમજ ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૧૭/૧/૨૦૧૧ થી તા.૨૫/૧/૨૦૧૧ દરમ્યાન મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તથા ગુજરાત રાજયના મા.મંત્રીશ્રીઓ ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ લોકાર્પણવિધિ નીચે મુજબ રાખવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૬/૦૧/૨૦૧૧ ના રોજ અઠવા ઝોન અને સેન્ટ્રલ ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૭/૧/૨૦૧૧,શુક્રવારના રોજ લિંબાયત ઝોન વિસ્તારમાં કુલ રૂ.૨૫૨૩.૩૫ લાખના ખર્ચે (૧) ટી.પી.૬૯ (ગોડાદરા), ફા.પ્લોટ નં આર–૩ ખાતે ૩૯ લાખ લીટરની ભુગર્ભ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૨) ટી.પી.૬૯ (ગોડાદરા), ફા.પ્લોટ નં આર–૩ ખાતે ૨૪ લાખ લીટરની ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૩) સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત) માં મોજે ડીંડોલી સર્વે નં ૩૬ માં આવેલ ડીંડોલીગામ તળાવ ખાતે તળાવ અને બાગના વિકાસકામની ખાતમુહૂર્તવિધિ (૪) સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મીંઢોળા રીવર રીહેબીલીટેશન પ્રોજેકટ અંતર્ગત ટી.પી.સ્કીમ નં ૬૨ (ડીંડોલી), ફા.પ્લોટ નં ૬૬ ડીંડોલી (સાઉથ ઈસ્ટ ડ્રેનેજ સ્કીમ) ખાતે ૩૧ એમ.એલ.ડી. ક્ષમતાનું સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૫) ડીંડોલી મેઈન રોડ ઉપર જુના જકાતનાકા પાસે આર.ઓ.બી.ની ખાતમુહૂર્તવિધિ (૬) ડીંડોલી ટી.પી.૪૧, ફા.પ્લોટ નં આર–૧૭ માં પ્રાથમિક શાળાના મકાનની ઉદ્‌ઘાટનવિધિ શ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મંત્રીશ્રી, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામવિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજયના વરદહસ્તે રાખવામાં આવેલ હતી.







સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કુલ રૂ. ૨૦૭.૬૩ લાખના ખર્ચે (૧) ગાંધી સ્મૃતિ ખાતે મલ્ટી લેવલ પાર્કીંગની ખાતમુહૂર્તવિધિ(૨) નાનપુરા, હબીબ શાહ મહોલ્લો આંગણવાડીની ઉદઘાટનવિધિ(૩) સલાબતપુરા બાળ શહિદ ચોક ખાતે વાંચનાલય તથા મલ્ટીપર્પઝ હોલની ઉદઘાટનવિધિ મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલ,આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.

તા.૭/૧/૨૦૧૧,શુક્રવારના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કુલ રૂ. ૬૪૪.૪૯ લાખના ખર્ચે (૧) મુગલીસરા મેઈન ઓફિસની બાજુમાં મલ્ટી લેવલ પાર્કીંગની ખાતમુહૂર્તવિધિ (૨) ચૌટા બજાર ખાતે વેજીટેબલ માર્કેટ સાંઈબાબા મંદિરની પાસે મલ્ટી લેવલ પાર્કીંગની ખાતમુહૂર્તવિધિ (૩) ગલેમંડી છાપરીયા શેરીના નાકે વાંચનાલય તથા શાંતિકુંજની ખાતમુહૂર્તવિધિ (૪) લાલ દરવાજા જંકશનથી કતારગામ ઝોન ઓફિસ સુધી મેટલ ગ્રાઉટીંગ રોડની ખાતમુહૂર્તવિધિ શ્રી પરબતભાઈ પટેલ, રાજયકક્ષાના મા. મંત્રીશ્રી, પાણી પુરવઠા, સહકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,ગુજરાત રાજયના વરદહસ્તે કરવામાં આવેલ હતી.

**Continue …**

 

આજ રોજ ઈશ્વરપુરા સ્કુલ પાસે, ડીંડોલી મેઈન રોડ,સુરત ખાતે યોજાયેલ મુખ્ય સમારોહ પ્રસંગે મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે કમિશનરશ્રીએ પ્રજાસત્તાક દિનની સાથે વિકાસકાર્યોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમો સંકલિત કરી તેમા નગરજનોને સહભાગી બનાવવાનો જે અભિગમ દર્શાવ્યો છે તે ખરેખર પ્રસંશનીય છે. સુરત મહાનગરપાલિકા નગરજનોને લોકોપયોગી સેવાઓ પુરી પાડવામાં હંમેશા અગ્રેસર રહી છે જેના પરિણામે એક સમયે ગંદા ગોબરા શહેર તરીકે ગણાતા સુરતની ગણનાં આજે દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં થાય છે. મહાનગરપાલિકાને તેની સુંદર કામગીરી બદલ ઘણા એવોર્ડો પ્રાપ્ત થયા છે. જેના કારણે ફકત સુરતનું જ નહી ગુજરાતનું પણ ગૌરવ વધ્યું છે. શાસકો અને વહીવટીતંત્રના સુંદર સંકલનથી આ વિકાસ શકય બન્યો છે. અને આ વિકાસકૂચ આપણે સૌએ જાળવી રાખવાની છે. આ બદલ સૌને અભિનંદન આપું છું. મા.મુખ્યમંત્રીશ્રી ગુજરાતને દેશનું સૌથી વધુ વિકસિત રાજય બનાવવાની નેમ સાથે ખુબ મહેનત કરી રહયા છે. અને તે માટે આપણે સૌએ પણ કટિબધ્ધતા દર્શાવવાની છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સુરત શહેરમાં અંદાજે રૂા. ૪૦૦ કરોડ અને જીલ્લામાં અંદાજે રૂા.૭૦૦ કરોડ મળી કુલ રૂા.૧૧૦૦ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ થનાર છે.

મહેતાપાર્ક,સ્નેહમિલન ગાર્ડન પાસે, નાનપુરા ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. શહેર અને જિલ્લામાં વિવિધ પ્રકલ્પોની ખાતમુર્હૂત અને લોકાર્પણવિધિના કાર્યક્રમો થનાર છે. સુરતમાં ૫૦ લાખ વૃક્ષો વાવવાનું આયોજન છે. આરોગ્ય નિદાન કેમ્પ, રોજગાર મેળાનું આયોજન થઈ રહયું છે અને બેરોજગારી ઓછી કરવાનો પ્રયાસ થઈ રહયો છે. સુરતમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે રોશની, સાંસ્કૃતિક,ટેબ્લોઝ વિગેરે કાર્યક્રમો થનાર છે. અને દરેક નાગરિક પોતાનું ઘર રોશનીથી ૨૪ થી ૨૬ મી જાન્યુઆરી સુધી સજાવે એવી વિનંતી છે. તેમણે સુરતની પ્રજાને તમામ કાર્યક્રમોમાં હાજર રહી સદભાગી થવા વિનંતી કરી હતી.

મહેતાપાર્ક,સ્નેહમિલન ગાર્ડન પાસે, નાનપુરા ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં મા. રાજય કક્ષાના મંત્રીશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે ૨૬ મી જાન્યુઆરી, ૧૫ મી ઓગષ્ટ અલગ અલગ જીલ્લાઓમાં કરવાની નવી પ્રથા મા.મુખ્યમંત્રીશ્રીએ કરી છે. સમગ્ર ગુજરાતનું ઈકોનોમીક રાજધાની સુરત છે. સુરતનો સુરતી તમામ ઓફતોનો સામનો કરી વિકાસના કામોમાં જોડાઈ રહયો છે. પાવરલુમ્સ, ડાયમંડ, ઉદ્યોગોના વિકાસના કામોમાં સુરત અગ્રેસર રહયું છે. સુરત શહેરમાં પાર્કિંગની સમસ્યા, ફલાય ઓવર બ્રિજની સુવિધા, મલ્ટી લેવલ પાર્કિગ, વાંચનાલયો વિગેરે જેવી સુવિધાઓ પણ આકાર લઈ રહી છે. પ્રજાને સુખાકારીને પ્રાધાન્ય આપી તેને અનુરૂપ કામો થઈ રહયા છે. શાળામાં આરોગ્ય કાર્યક્રમોનું આખા રાજયમાં આયોજન થઈ રહયું છે. વાંચે ગુજરાત, ખેલ મહાકુંભમાં ૨૩ કરોડના ઈનામો આપ્યા છે. સ્પોર્ટસ યુનીવર્સીટીનું આયોજન થનાર છે.

Continue …

ઈશ્વરપુરા સ્કુલ પાસે, ડીંડોલી મેઈન રોડ,સુરત ખાતે યોજાયેલ મુખ્ય સમારોહ પ્રસંગે મા.કમિશનરશ્રીએ ૬૨માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી સુરત ખાતે થનાર હોય તેના ઉપલક્ષ્યમાં યોજાયેલ ખાતમુર્હૂત/લોકાર્પણવિધિના આ સમારંભમાં સૌ મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે તા.૦૬/૧/૧૧ થી ૨૪/૧/૧૧ સુધીમાં અંદાજે રૂા.૪૦૦ કરોડના ૭૨ જેટલા પ્રોજેકટોનું ખાતમુહૂર્ત/લોકાપર્ણ રાજયના જુદા જુદા મંત્રીશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવનાર છે. છેલ્લા પાંચ વર્ષમાં આ વિસ્તારમાં ૧૧૬.૭૬ કરોડના વિકાસકામો થયા છે. અને તે ઉપરાંત ટુંક સમયમાં અંદાજે રૂા.૫ કરોડના ખર્ચે મગોબ ખાતે ખાડી પુલનું ટુંક સમયમાં નિર્માણ પુરું થશે.

મહેતાપાર્ક,સ્નેહમિલન ગાર્ડન પાસે, નાનપુરા ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.) એ સર્વે મહાનુભાવોનું આ પ્રસંગે સ્વાગત કરતા જણાવ્યું હતું કે સેન્ટ્રલ ઝોનમાં કુલ ૭ જેટલા પ્રકલ્પો પૈકી ૨ પ્રકલ્પોની ઉદઘાટનવિધિ તથા ૫ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ છે. અને આ પ્રસંગે પધારેલ સૌનું સ્વાગત કરું છું.



મહેતાપાર્ક,સ્નેહમિલન ગાર્ડન પાસે, નાનપુરા ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે અવિરિત વિકાસના ભાગરૂપે કરોડો રૂપિયાના વિકાસની યોજનાઓ શહેરના લોકોને અર્પણ કરી રહયા છીએ. સ્વર્ણિમ જયંતિ વર્ષમાં આ વિકાસ હરણફાળ રૂા.૭૨૨ કરોડના કામો પૂર્ણ કર્યા છે. વિકાસને મર્યાદા કે સીમા નથી તે કાયમી પ્રક્રિયા છે. આજ રોજ ૩૫ કરોડના પ્રોજેકટનું ખાતમુહૂર્ત/ઉદઘાટન કરેલ છે. નવા વિસ્તારમાં પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા કરાઈ રહી છે. નૈસર્ગિક તળાવોનો વિકાસ કરી આવા વિવિધ પ્રકલ્પો માટે ગુજરાત સરકારશ્રીની ગ્રાંટ મળનાર છે. શહેરમાં પાર્કિંગની સમસ્યાના ઉકેલો માટે વિવિધ મલ્ટીલેવલ પાર્કિંગનું આયોજન થઈ રહયું છે.

મહેતાપાર્ક, સ્નેહમિલન ગાર્ડન પાસે, નાનપુરા ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં મા.મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતના મા.મંત્રીશ્રીઓએ કાર્યક્રમમાં હાજર રહી પ્રોત્સાહિત કર્યા છે અને સુરતમાં પ્રજાસત્તાકદિનની ઉજવણીનો માહોલ ઉભો થઈ રહયો છે. એમ જણાવી હાલમાં જ સુરત મહાનગરપાલિકાને ૪ થી જાન્યુઆરીએ નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ના "Annual Report" Excellence in Financial Reporting By Urban Local Bodies એવોર્ડ પ્રાપ્ત થયેલ છે તે બદલ સૌને અભિનંદન આપ્યા હતા.

ઈશ્વરપુરા સ્કુલ પાસે, ડીંડોલી મેઈન રોડ,સુરત ખાતે યોજાયેલ મુખ્ય સમારોહની આભારવિધિ ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવા તથા મહેતાપાર્ક,સ્નેહમિલન ગાર્ડન પાસે, નાનપુરા ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં મ્યુ.સદસ્યશ્રી વિજયભાઈ માસ્તરે ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોષ, ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શાસકપક્ષ નેતાશ્રી શકલનારાયણ સીંગ, ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર તથા મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



TOP

## આગામી પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




આગામી પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરી રાજય કક્ષાની ઉજવણી સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી વિવિધ આરોગ્ય સેવાઓથી નાગરીકો માહિતગાર થાય અને નિષ્ણાત તબીબો મારફતે સ્થળ પર તપાસ, નિદાન, સારવાર અને જરૂર જણાયે રેફરેલ સેવાઓ પુરી પાડવાના આશયથી સાત ઝોનમાં ઝોન દિઠ એક એમ કુલ સાત વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર મેગા કેમ્પ / આરોગ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા.૦૭/૦૧/૨૦૧૧ ના રોજ કોસાડ ન.પ્રા.શાળા, EWS કવાટર્સ, કોસાડ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો. કેમ્પમાં વિવિધ રોગો જેવા કે બાળરોગ, સ્ત્રીરોગ, આંખના રોગ, ફિઝીશીયન, સર્જન, ચામડીના રોગના તજજ્ઞો દ્વારા વિના–મૂલ્યે નિદાન કરી સારવાર આપવામાં આવી હતી.

આ પ્રસંગે મ્યુનિ.સદસ્યશ્રી ધનજીભાઈ ચાવડા, શ્રી વિજયભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ, મ્યુનિ.સદસ્યાશ્રી ઉર્વશીબેન માળી, સુરત શહેર કિશાન મોરચાના મહામંત્રીશ્રી અનિમેષભાઈ માળી, વોર્ડ – ર ના પ્રમુખશ્રી રાજુભાઈ પટેલ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત એસ.દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કે.આઈ.ખત્રી, કતારગામઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.એસ.એસ.દાસ, ન.પ્રા.શાળાના આચાર્યશ્રી લાભુભાઈ દયાળા, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ, કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરી રાજય કક્ષાની ઉજવણી સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવનાર છે. જે સોનેરી અવસર છે. જે અંતર્ગત સુરત શહેરમાં વિવિધ સ્થળે સાંસ્કૃતિક પ્રોગ્રમો, સીટી રન, તમામ ઝોનમાં વિના મૂલ્યે નિદાન / સારવાર / આરોગ્ય લક્ષી પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે.મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે.સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યુ હતું''.

**Continue …**

મ્યુનિ. સદસ્યશ્રી ધનજીભાઈ ચાવડાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે. સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યુ હતું". નાગરીકોને પોતાના ઘરનો કચરો કે ધંધાકીય કચરો ગમે ત્યાં ન નાંખતા ઘર આંગણે આવતી ડોર ટુ ડોર કચરાગાડીમાંજ નાંખવા તથા પોતાના ઘરની બહાર, શેરી, રસ્તાઓ ઉપરની સાફ – સફાઈ તથા કચરો જાહેરમાં ન નાંખે નહી તવી અપીલ કરી હતી.

મ્યુનિ. સદસ્યશ્રીએ ભૂપેન્દ્રભાઈ રાઠોડએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે,મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગ ચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે તેમ જણાવી આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી.હાલમાં દવા તથા નિદાન સારવાર મોંઘી હોય ગરીબ/મધ્યમ વર્ગના લોકોને ઘર આંગણે સુવિધા પ્રાપ્ત થતી હોય તેનો લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા જણાવ્યું હતુ.

શાળાના આચાર્યશ્રીએ દરેક નાગરીકોએ પોતાના ઘરની તથા આજુબાજુની સાફ સફાઈ કરવી જોઈએ જો આપણી આજુ બાજુના વિસ્તારની સાફ સફાઈ સારી રીતે થયેલ હશે તો રોગચાળાનું પ્રમાણ પણ ઓછુ જોવા મળશે.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કોસાડ EWS કવાટર્સ તથા આસપાસ વિસ્તારના કુલ ૩૭૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૮૪, ચામડીના નિષ્ણાત દ્વારા ૪૭, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૬, બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૭, ફિઝીશયન દ્વારા ૭૧, સર્જન દ્વારા ૧૬, મેડીકલ ઓફીસર દ્વારા ૫૧, દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૪૫, દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ. ૪૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૬૩ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૨૩૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૬૦, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૩૧૦ ટેબ્લેટ, ઓરલ પીલ્સ ૧૦, નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૨૭ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આભાર વિધિ આસી.જંતુનાશક અધિકારી ડો.ગાયત્રીબેન જરીવાલા દ્વારા કરવામાં આવેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## માહે ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન ૩૯૭૯ ઈન્ડોર તથા ૪૦૮૮૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૨૨૮ તથા ૬૦૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૪૬૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૯૧૧ અને જુના ૯૯૭ દર્દીઓ સહીત કુલ ૧૯૦૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૯૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૩૫ તથા આંખ વિભાગમાં ૩૦૧૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૩૭૬૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગયલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રજાસત્તાક દિન ઉજવણી અંતર્ગત સ્વચ્છતાલક્ષી સ્પર્ધાઓ અને ઈ–વેસ્ટ કલેકશનનું આયોજન

આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત **સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. (ગેપીલ)** ના સંયુકત ઉપક્રમે તા. ૨૧ થી તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબ ની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ છે.

- **આંતર શાળા સુશોભન અને સ્વચ્છતા સ્પર્ધા**–ઝોન વાઈઝ(નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/ સુમન હાઈસ્કૂલ તથા શહેરની અન્ય ખાનગી શાળાઓ)
- **આંતર કોલેજ તથા યુનિવર્સિટીના વિવિધ વિભાગોની સુશોભન અને સ્વચ્છતા સ્પર્ધા,**
- **સર્વશ્રેષ્ઠ એપાર્ટમેન્ટ સુશોભન અને સ્વચ્છતા સ્પર્ધા** –ઝોન વાઈઝ
- **સર્વશ્રેષ્ઠ શેરી/સોસાયટી સુશોભન અને સ્વચ્છતા સ્પર્ધા** –ઝોન વાઈઝ

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ શાળા–કોલેજ–શેરી–સોસાયટી–એપાર્ટમેન્ટને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. ઉપરાંત વિજેતા અને રનર અપ સ્પર્ધકોને ટ્રોફી અને રોકડ ઈનામો પણ આપવામાં આવશે.

શાળાના બાળકો પર્યાવરણના સંદર્ભમાં જાગૃત થાય તેવા હેતુથી શાળાઓ તથા ઘરે –ઘરે થી ઈ–વેસ્ટ કલેકશન કાર્યક્રમનું આયોજન **તા. ૧૭ થી તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૧** દરમ્યાન કરવામાં આવ્યું છે.

આ તમામ કાર્યક્રમ અને સ્પર્ધાઓમાં ભાગ લેવા માટેનું પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના તમામ નાગરિક સુવિધા કેન્દ્ર તથા આરોગ્ય વિભાગની વોર્ડ ઓફિસ ખાતેથી વિના મૂલ્યે મળી શકશે.

ભરેલા પ્રવેશ ફોર્મ આરોગ્ય વિભાગની વોર્ડ ઓફિસ ખાતે અથવા 'ગેપીલ' (લથુરા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ, જી.આઈ.ડી.સી., પાંડેસરા, સુરત) ખાતે તા. ૧૮/૦૧/૨૦૧૧ ના સાંજે ૫.૦૦ વાગ્યા સુધી જમા કરાવવાના શહેશે. સ્પર્ધાઓની વિગતવાર માહિતી માટે ફોન નં. ૦૯૩૨૭૬–૮૮૮૮૮, ૯૩૨૭૭–૮૮૮૮૮ અથવા ૨૮૯૦૬૦૦ નંબર પર સંપર્ક કરવાથી મળી શકશે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના ડોકટરો, આર્કીટેક, વકીલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે જેવા વ્યવસાયીઓની "સીટી રન"–દોડનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ"માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની સુરત ખાતે ઉજવણીના ભાગ રૂપે આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૧૧ રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત ડુમસ ગૌરવપથ ઉપર SVNIT કોલેજના ગેટ ઉપરથી "સ્વર્ણિમ સુરત સીટી રન–૨૦૧૧" નું આયોજન સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવ્યું હતું. આજની દોડ શહેરના ડોકટરો, આર્કીટેક, વકીલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે જેવા વ્યવસાયીઓ સાથે સંકળાયેલ નગરજનો માટે પુરુષ/સ્ત્રી વિભાગની અલગ દોડ રાખવામાં આવી હતી. મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, મા.ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભૂવા, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસકપક્ષ શ્રી દયાશંકર સિંગ, મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, સુરત કલેકટરશ્રી એ.જે. શાહ વિગેરે મહાનુભાવોએ લીલી ઝંડી ફરકાવી દોડનો શુભારંભ કરાવ્યો હતો. પુરુષો માટેની દોડ અંદાજે ૩.૫ કી.મી. અને સ્ત્રીઓ માટે ૨.૫ કી.મી. નું અંતર રાખવામાં આવ્યું હતું.





ઉપરોકત સ્પર્ધામાં નીચે મુજબ પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. પુરુષ વિભાગમાં પ્રથમ ક્રમે ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી –ખાન સાહનવાઝ સોહેલ, દ્વિતીય ક્રમે–ડો. નૈનેસ વાંકાવાળા, તૃતીય ક્રમે–ડો. ચેતન સિધપુરીયા અને સ્ત્રી વિભાગમાં પ્રથમ ક્રમે –ડો. હેતલ દિપકભાઈ તમાકુવાલા, દ્વિતીય ક્રમે–ડો. મીનાબેન વાંકાવાલા અને તૃતીય ક્રમે–એન્જીનયર શ્રી આશાબેન નૈનેશ વાડીવાલા વિજેતા નીવડયા હતા. સદર સ્પર્ધામાં વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલ નગરજનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે વિજેતાઓને સન્માનના સમારોહમાં મ્યુ. કમિશ્નર કુ.એસ.અપર્ણા એ રજાના દિવસે પોતાનો સમય ફાળવી આ સ્પર્ધામાં ભાગ લેવા બદલ ઉપસ્થિત સર્વેને આવકાર આપ્યો હતો. મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તમામ નગરજનોને પોતાના વ્યસ્ત જીવનમાં આવા ઉમદા કામ માટે સમય ફાળવી શહેરની પ્રગતિમાં ભાગીદાર બનવા જણાવ્યું હતું. મા. સાંસદશ્રી સી.આર.પાટીલે પોતાના સ્વાસ્થય માટે પણ નગરજનો હવે પછી યોજાનાર સીટી રનમાં ભાગ લઈ ઉજવણીમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી સુરત મહાનગરપાલિકા ધ્વારા ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણીમાં જોડાવવા અનુરોધ કર્યો હતો. અંતમાં મા.ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભૂવાએ આભાર વિધિ સંપન્ન કરી હતી. આ સીટી રનમાં મ્યુ.સભ્યશ્રીઓ, વ્યાયામ શિક્ષકો, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

હવે પછીનો "સ્વર્ણિમ સુરત સીટી રન" નો કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૧૬/૦૧/૨૦૧૧<br>રવિવાર<br>સવારે ૭.૩૦ કલાકે | ડાયમંડ, ટેક્ષટાઈલ્સ અને કોર્પોરેટર સેકટર, ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડીયા સાથે સંકળાયેલ વ્યકિતઓ(પુરુષ/સ્ત્રી વિભાગ) | વિદ્યાકુંજ સ્કુલથી એલ.પી. સવાણી સ્કૂલ સર્કલ થઈ "ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ" સુરત–હજીરા રોડ રેખા પાર્ક સુધી |
| ૨ | ૨૩/૦૧/૨૦૧૧<br>રવિવાર<br>સવારે ૭.૦૦ કલાકે | " સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧" | સુરત–ડુમસ ગૌરવપથ |

TOP

## તા.૧૭/૧/૨૦૧૧ થી તા.૨૬/૧/૨૦૧૧ દરમ્યાન મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તથા ગુજરાત રાજયના મા.મંત્રીશ્રીઓ ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ લોકાર્પણવિધિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમની વિગત

સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત તેમજ ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૧૭/૧/૨૦૧૧ થી તા.૨૫/૧/૨૦૧૧ દરમ્યાન મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તથા ગુજરાત રાજયના મા.મંત્રીશ્રીઓ ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ લોકાર્પણવિધિ નીચે મુજબ રાખવામાં આવેલ છે.

તા.૧૭/૧/૧૧ના રોજ શ્રી વજુભાઈ વાળા,મા.મંત્રીશ્રી,નાણાં,શ્રમ અને રોજગારના વરદહસ્તે વરાછા ઝોનમાં ૪ પ્રકલ્પોની લોકાપર્ણવિધિ, શ્રી જયસિંહભાઈ ચૌહાણ, મા. મંત્રીશ્રી, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ) પ્રોટોકોલના વરદહસ્તે ઉધના ઝોનમાં ૬ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને ૧ પ્રકલ્પોની લોકાપર્ણવિધિ મળી કુલ ૭ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ તથા શ્રી પ્રફુલ્લભાઈ પટેલ, રાજયકક્ષાના મા.મંત્રીશ્રી,પોલીસ આવાસ,સરહદી સુરક્ષા, નાગરિક સુરક્ષા, હોમગાર્ડસ, ગ્રામ રક્ષક દળ, જેલ,નશાબંધી,આબકારી અને ગૃહના વરદહસ્તે ઉધના ઝોનમાં ૧ પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ અને ૬ પ્રકલ્પોની લોકાપર્ણવિધિ મળી કુલ ૭ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૧૮/૧/૧૧ના રોજ શ્રીમતી આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, આપતિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના,મહિલા અને બાળ કલ્યાણના વરદહસ્તે અઠવા ઝોન વિસ્તારમાં ૧ પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ અને ૩ પ્રકલ્પની લોકાપર્ણવિધિ મળી કુલ ૪ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૨૦/૧/૧૧ના રોજ શ્રી નિતીનભાઈ પટેલ,મા.મંત્રીશ્રી, પાણી પુરવઠા, જળ સંપતિ(કલ્પસર પ્રભાગ સિવાય) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના વરદહસ્તે વરાછા ઝોન વિસ્તારમાં ૧ પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ અને ૪ પ્રકલ્પની લોકાપર્ણવિધિ મળી કુલ ૫ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૨૧/૧/૧૧ના રોજ શ્રી જયનારાયણ વ્યાસ, મા.મંત્રીશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,પ્રવાસન દેવસ્થાન, યાત્રાધામ વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલન,બિન નિવાસી ગુજરાતી પ્રભાગના વરદહસ્તે કતારગામ ઝોન વિસ્તારમાં ૪ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને ૨ પ્રકલ્પની લોકાપર્ણવિધિ મળી કુલ ૬ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ તથા શ્રી રમણલાલ વોરા, મા. મંત્રીશ્રી શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ) ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના વરદહસ્તે કતારગામ ઝોન વિસ્તારમા ૨ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને ૨ પ્રકલ્પની લોકાપર્ણવિધિ મળી કુલ ૪ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ રાખવામાં આવેલ છે. તે જ પ્રમાણે શ્રી મંગુભાઈ પટેલ, મા. મંત્રીશ્રી આદિજાતિ વિકાસ,વન અને પર્યાવરણના વરદહસ્તે લિંબાયત ઝોન વિસ્તારમાં ૪ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને ૨ પ્રકલ્પની લોકાપર્ણવિધિ મળી કુલ ૬ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આમ આ દિવસે એક સાથે ૩ મા.મંત્રીશ્રીઓ શહેરના જુદા જુદા વિસ્તારોમાં શહેરની જનતાને મહાનગરપાલિકાએ પૂર્ણ કરેલ પ્રકલ્પોનું લોકાર્પણ કરશે તેમજ કેટલાક પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરશે.

તા.૨૨/૧/૧૧ના રોજ શ્રી ફકીરભાઈ વાઘેલા, મા.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા, (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વરદહસ્તે કતારગામ ઝોન વિસ્તારમાં ૩ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ કરશે તથા શ્રી સૌરભભાઈ પટેલ, રાજયકક્ષાના મા.મંત્રીશ્રી,નાગરિક ઉડ્ડયન,કુટિર, ઉદ્યોગ,મીઠા ઉદ્યોગ,છાપકામ અને લેખન સામગ્રી, (સ્વતંત્ર હવાલો) ઉદ્યોગ, ખાણ,ખનીજ,આયોજન,નાણાં,ઉર્જા અને પેટ્રો કેમીકલ્સના વરદહસ્તે રાંદેર ઝોન વિસ્તારમાં ૪ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ અને ૧ પ્રકલ્પની લોકાપર્ણવિધિ મળી કુલ ૫ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

તે ઉપરાંત મા.મુખ્યમંત્રીના વરદહસ્તે ડભોલી અને જહાંગીરપુરાને જોડતાં તાપી નદી પરના નવનિર્મિત પુલની લોકાર્પણવિધિ તેમજ અન્ય કાર્યક્રમોનું આયોજન શહેરની જનતા માટે થનાર છે.

વધુમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૧/૧/૨૦૧૧ના રોજ રાંદેર ઝોન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. અને તા.૧૩/૧/૧૧ના રોજ લિંબાયત ઝોનમાં ,તા.૧૮/૧/૧૧ના રોજ ઉધના ઝોનમાં અને તા.૨૦/૧/૧૧ના રોજ વરાછા ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૬/૧/૨૦૧૧, પ્રજાસત્તાક દિનના રોજ વરાછા ઝોનમાં આવેલ યોગી ચોક,વરાછા ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોકત તમામ કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લઈ સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરની જનતાને હાર્દિક અપીલ કરે છે.

TOP